# ૩. રસ્તો કરી જવાના

**અમૃત 'ઘાયલ'**

અમૃત ઘાયલ ગુજરાતી સાહિત્યના જાણીતા ગઝલકાર છે. તેમનું આખું નામ અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ છે. ઘાયલ તેમનું ઉપનામ છે. તેમનો જન્મ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૧૫ના રોજ સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લામાં આવેલા સરધારમાં થયો હતો. ત્યાં જ સાત ધોરણ સુધીનું શિક્ષણ લીધું. પછી રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી મેટ્રિક પાસ કર્યું. પાજોદ દરબાર શ્રી ઇમામુદ્દીનખાન મુર્તઝાખાનના રહસ્યમંત્રી તરીકે કાર્યરત રહ્યા. જાહેર બાંધકામ ખાતામાં વિભાગીય હિસાબનીશ તરીકે સાવરકુંડલા, ભુજ, આદિપુર અને અમદાવાદમાં સેવા આપી. નિવૃત્તિ પછી રાજકોટમાં સ્થાયી થયા.

તેમણે પ્રથમ ગઝલસંગ્રહ 'શૂળ અને શમણા' આપ્યો હતો. તે ઉપરાંત 'રંગ, રૂપ, ગઝલ નામ સુખ', 'સમગ્ર ગઝલ' – 'આઠોં જામ ખુમારી' વગેરે ગઝલસંગ્રહો પણ તેમણે આપ્યા છે. મુલાયમ ભાવોની સરળ અને અસરકારક અભિવ્યક્તિ તેમની ગઝલની મુખ્ય વિશેષતા છે. જીવન પરત્વેનો સ્વસ્થ અભિગમ, હાથવગી તળપદી કહેવત, રૂઢિપ્રયોગ, છંદની શુદ્ધતા, રદીફનો નિશ્ચિત અંત્યાનુપ્રાસ વગેરેમાં એમની ગઝલનો વૈભવ પ્રગટ થાય છે. તેમને શેખાદમ આબુવાલા એવૉર્ડ, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, કલાપી એવૉર્ડ વગેરે સન્માન મળ્યા છે. ૨૫ ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ અમૃત ઘાયલનું અવસાન રાજકોટમાં થયું હતું.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત ગઝલ મનુષ્યની અડગ ખુમારીને વ્યક્ત કરે છે. અપાર મુશ્કેલીઓમાં પણ ઈશ્વર પર શ્રદ્ધા રાખીને અડગ આત્મબળથી આગળ વધવાની વાત કવિ કહે છે. કવિએ જુદા જુદા શેરમાં અનેક દૃષ્ટાંતો દ્વારા કાળને પડકાર આપ્યો છે. જીવનની વિપરિત પરિસ્થિતિમાં પણ કેવી રીતે પાર ઊતરવું એવો બોધ અહીં આપવામાં આવ્યો છે.

રસ્તો નહિ જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના !

નિજ મસ્ત થઈ જીવન આ પૂરું કરી જવાના,
બિંદુ મહીં ડૂબીને સિંધુ તરી જવાના !

કોણે કહ્યું કે ખાલી હાથે મરી જવાના !
દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના.

મનમાં વિચાર શું છે ? અવિરામ કંઈ દીપક છે,
પ્રકાશ આંધીઓમાં પણ પાથરી જવાના.

એક આત્મબળ અમારું દુઃખ માત્રની દવા છે,
હર ઝખ્મને નજરથી ટાંકા ભરી જવાના.



સમજો છો શું અમોને સ્વયં પ્રકાશ છીએ !
દીપક નથી અમે કે ઠાર્યા ઠરી જવાના.

અય કાળ, કંઈ નથી ભય તું થાય તે કરી લે !
ઈશ્વર સમો ધણી છે થોડા મરી જવાના !



## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત ગઝલના અધ્યાપન કરાવવાની શરૂઆતમાં 'ગઝલ'ના સ્વરૂપ વિશે ચર્ચા કરી શકાય. ગઝલના પ્રત્યેક શેરને સ્વતંત્ર રીતે સમજાવવા લઘુ પ્રશ્નો પૂછી શકાય. જવાબ રૂપે ચર્ચા કરી શક્ય ત્યાં સરળ ઉદાહરણો પણ આપી શકાય.

ગઝલ સંપૂર્ણ સમજાવાઈ ગયા પછી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ - મનોબળ જગાડવા માટે મહાન વ્યક્તિઓના જીવનના પ્રસંગોનાં ઉદાહરણો આપીને પ્રેરણા પૂરી પાડી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) માર્ગ (૨) જગત (૩) ઘાવ (૪) પ્રભુ
(૫) વાવાઝોડું (૬) અજવાળું (૭) સાગર (૮) ડર

**સ. ૨. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો :**

(૧) ઝખ્મ (૨) બિંદુ (૩) પ્રકાશ (૪) રસ્તો

**સ. ૩. શબ્દ અંતાક્ષરી પૂરી કરો :**

(૧) નજર → [ ] → [ ] → [ ] → [ ]
(૨) દીપક → [ ] → [ ] → [ ] → [ ]
(૩) પ્રકાશ → [ ] → [ ] → [ ] → [ ]
(૪) દુનિયા → [ ] → [ ] → [ ] → [ ]

**સ. ૪. 'આત્મ' શબ્દને જોડીને શબ્દો બનાવો : દા.ત. આત્મજ્ઞાની**

**સ. ૫. ઉદાહરણ પ્રમાણે કોષ્ટકમાંથી શબ્દ શોધીને લખો :**

દા.ત. જીવન - મૃત્યુ
(૧) પ્રકાશ - ________________
(૨) ભય - ________________
(૩) ખાલી - ________________
(૪) તરવું - ________________
(૫) થોડા - ________________

| | | | |
|---|---|---|---|
| મૃ | ત્યુ | ભ | ય |
| દૂ | ઝા | રે | લ |
| બ | ઝા | લા | અં |
| વું | નિ | મ | ધ |
| નિ | ર્ભ | ય | કા |
| લ | ર | ક | ર |

**સ. ૬. આપેલ શબ્દોના અનેક પર્યાયવાચી શબ્દો લખો :**

(૧) નિજ (૨) દીપક (૩) રસ્તો (૪) હાથ (૫) સિંધુ

**સ. ૭.** **જવાબ લખો :**

(૧) ઠારવાથી ઠરી જનાર (૨) દુ:ખની દવા (૩) માનવીનો ધણી

**સ. ૮.** **કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

(૧) નિજ મસ્ત થઈ... (૨) એક આત્મબળ... (૩) કોણે કહ્યું કે... (૪) હર ઝખ્મને...

**સ. ૯.** **યોગ્ય પર્યાય શોધી વિધાન પૂર્ણ કરો :**

(૧) તમે શું સમજો છો અમોને અમે તો ________________

(અ) મરજીવા છીએ (આ) સ્વયં પ્રકાશિત છીએ (ઇ) પર પ્રકાશિત છીએ

(૨) રસ્તો નહિ જડે તો ________________

(અ) ઠાર્યા ઠરી જવાના (આ) મનમાં મરી જવાના (ઇ) રસ્તો કરી જવાના

(૩) બિંદુ મહીં ડૂબીને ________________

(અ) સિંધુ તરી જવાના (આ) હાથે મરી જવાના (ઇ) ડગલાં ભરી જવાના

**સ. ૧૦.** **પ્રસ્તુત ગઝલનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૧.** **નીચેનાં વાક્યોમાંથી વિશેષણ શોધીને પ્રકાર જણાવો :**

(૧) કોણે કહ્યું કે ખાલી હાથે મરી જવાના. (૨) દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના.

(૩) વ્યાકરણ વિભાગમાં વિસ્તૃત માહિતી આપી છે. (૪) મારો ભાઈ ભણવામાં અવ્વલ નંબર છે.

**સ. ૧૨.** **નીચેનાં શબ્દોનું વર્ગીકરણ કરો :**

નદી, વેરાન, ચતુર, રમવું, શાળા, તેઓ, ન્હાવું, માનવ, અમે, મહાન, ફરવું, તમે

| નામ | સર્વનામ | ક્રિયાપદ | વિશેષણ |
|---|---|---|---|
| | | | |
| | | | |

**સ. ૧૩.** **કોઈપણ વિપરિત પરિસ્થિતિમાંથી પાર ઊતરવા માટેના ઉપાયો વિશે ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ ગઝલકાર અમૃત ઘાયલની તમને ગમતી બીજી ગઝલ લખીને સંગ્રહ કરી ભીંતપત્રક તૈયાર કરો.

## લેખન કૌશલ્ય

★ તમારી સોસાયટીમાં આયોજીત આનંદ મેળાની જાહેરખબર તૈયાર કરો.

અથવા

તમારી શાળામાં યોજાઈ ગયેલા કવિ સંમેલનના કાર્યક્રમનો અહેવાલ તૈયાર કરો.

6XHQ7U

જેને કંઈક કરવું છે, એ રસ્તો શોધશે; પણ જેને કંઈ કરવું નથી, એ બહાનું શોધશે.